# શતાબ્દીમાં યાત્રાનો એક યાદગાર અનુભવ

ગુણવત્તા ચીજવસ્તુઓને જુદી પાડે છે. સામાન્ય લાંબા અંતરની ટ્રેનમાં દ્વિતીય વર્ગની બેઠક શ્રેણીની ૨૦૦ રૂપિયાથી ઓછી કિંમતની ટિકિટ લઈને તમે આઠ-નવ કલાકમાં અમદાવાદ પહોંચી શકો છો, જ્યારે એ.સી. ચૅરકાર શ્રેણીની શતાબ્દીની પોણા સાતસો રૂપિયાની ટિકિટ લઈને પણ તમે છ કલાકમાં અમદાવાદ પહોંચી શકો છો. પણ આ એક અનુભવ લીધા બાદ તમે સમજી શકશો કે ગુણવત્તા ચીજવસ્તુઓને જુદી પાડે છે (અને ખિસ્સાને પરવડે તો આ શતાબ્દીનો પ્રવાસ ચોક્કસ માણવાલાયક ખરો !).

થોડા દિવસો પહેલાં મારે શતાબ્દીમાં અમદાવાદ જવાનું થયું અને બોરિવલીથી વહેલી સવારે ટ્રેન પકડી એ ક્ષણથી જ મેં આ મુસાફરી માણવાની શરૂઆત કરી દીધી. કદાચ આ ટ્રેનને તાજેતરમાં જ નવા ડબ્બા મળ્યા હતા. હું મારા જે ડબ્બામાં મારી સીટ બૂક કરેલી હતી તેમાં ચડ્યો અને મને એવી લાગણી થઈ જાણે હું વિમાનમાં પ્રવેશ કરી રહ્યો હોઉં. ડબ્બામાં એ.સી.ને કારણે ખુલ્લી બારી ન હતી અને બારીનો કાચ જાડો અને પારદર્શક હતો, પણ બારી ખાસ્સી પહોળી અને બીજી ગાડીઓની સામાન્ય હોય છે તેના કરતાં અલગ પ્રકારની હતી. બારી ઉપર સામાન મૂકવા માટે પણ ખાસ પ્રકારના ઍક્રેલીકનાં જાડાં પારદર્શક સ્ટેન્ડ હતાં. બારી પરના ખેંચી શકાય તેવા પડદાયે સામાન્ય રીતે હોય છે તેવા પડદા કરતાં અલગ! અંધારામાં વાંચી શકો એ માટે સીટ ઉપર ફક્ત તમારા પૂરતો જ જરૂરી પ્રકાશ ફેંકતી ખાસ લાઈટ્સ. ડબ્બામાંનાં ટૉયલેટ્સ, દરવાજા, બે-બે અને ત્રણ-ત્રણ બેઠકની કતાર અને તેમની વચ્ચેના પેસેજ તેમજ તેના પર પાથરેલી જાજમ આ બધું ખૂબ જાજરમાન અને ઉત્તમ ગુણવત્તા ધરાવતાં હતાં, જે તમને એવો અનુભવ કરાવે જાણે તમે વિમાનમાં પ્રવાસ ખેડી રહ્યા હો.

વસઈ-નાયગાંવ નજીક ટ્રેન સહેજ ધીમી પડી અને બહાર વસઈની ખાડી પરથી પસાર થતી વેળા સુંદર સૂર્યોદયનાં દર્શન થયાં. શતાબ્દીના એ.સી. કોચની જાડા કાચ ધરાવતી પહોળી મોટી બારીમાંથી આ મનોહર દ્રશ્ય ધરાઈને માણવાની ખૂબ મજા પડી. આ જ વખતે ચા પણ આપવામાં આવી એટલે મારા તો એક હાથમાં ચાનો કપ અને બીજા હાથમાં અખબાર. આ અનુભવ યાદગાર રહ્યો અને તેનો અનુભવ કરતાં એવી પણ લાગણી થઈ



## 'બ્લૉગને ઝરૂખેથી...'

વિકાસ ઘનશ્યામ નાયક
email : vikas.nayak@gmail.com
http://blognezarookhethee.blogspot.com

રહી હતી જાણે હું વિદેશની ટ્રેનમાં બેસી પ્રવાસ કરી રહ્યો હોઉં!

હજી ચા પૂરી પણ નહોતી થઈ ત્યાં ઉપમા-નાળિયેરની ચટણી અને બ્રેડ-બટર-જામનો બ્રેકફાસ્ટ આવ્યો, પછી ભોજન.

સમગ્ર યાત્રા ખૂબ આરામદાયક અને માણવાલાયક રહી, પણ ગાડી અમદાવાદ થોભી એ પહેલાં મેં યાત્રા દરમિયાન કરેલાં બે નિરીક્ષણે મને થોડો ગંભીરતાપૂર્વક વિચાર કરતો કરી મૂક્યો. મને એ વિચાર અમલમાં મૂકી શકાય એ માટે કોઈ રેલવે સત્તાવાળાને મળવાનું પણ મન થયું, પણ એ વિચારો આવ્યા બાદ મને ટ્રેનમાં કોઈ યોગ્ય સત્તાવાળી વ્યક્તિ મળી જ નહીં એટલે હવે આ વિચારો હું આ બ્લોગ દ્વારા વ્યક્ત કરી રહ્યો છું. એક તો ટ્રેનમાં અપાતી મિનરલ વૉટર એટલે કે પીવાનાં પાણીની પ્લાસ્ટિક બોટલ વિશે. આ બોટલ દરેક યાત્રીની સીટ પર પહેલેથી જ મૂકેલી હોય છે. લગભગ ૭૦ સીટ ધરાવતા એક ડબ્બા ગુણ્યા ૧૨થી ૧૫ ડબ્બાના કુલ મળીને સાડા આઠસોથી હજારેક યાત્રીને પીવાનાં પાણીની સરેરાશ એક લેખે ગણીએ તો હજારેક બોટલ આપવામાં આવતી હોય છે (અને આ તો થઈ એક ગાડીની વાત. આવી તો કેટલીય ટ્રેનો રોજ અલગ અલગ માર્ગો પર દોડતી હશે, જેમાં કુલ લાખો પ્રવાસીઓને પાણીની બોટલો આપવામાં આવતી હશે). મેં અમદાવાદ ઊતરતી વખતે નોંધ્યું કે મોટા ભાગના યાત્રીઓએ ઊતરતી વેળાએ ખાલી બેઠક પર અડધું જ પાણી પીધેલી એ બોટલો ત્યાં જ રહેવા દીધી હતી. હવે જો આ પાણીને બીજા વપરાશમાં ન લેવામાં આવતું હોય તો એ ઘણો મોટો વ્યય ગણાય. આજે આપણે સૌ પાણીની તીવ્ર તંગીનો અનુભવ કરી રહ્યા છીએ અને આવનારા દિવસોમાં આપણે પાણીનો સભાનતા અને




સાવચેતીપૂર્વક ઉપયોગ નહીં કરીએ તો એ દિવસો પણ દૂર નથી જ્યારે આપણે પાણી મેળવવા માટે પણ લાઈનો લગાવવી પડશે અને પાણી મેળવવા માટે પણ પૈસા ચૂકવવા પડશે. આથી જો કોઈ રેલવે સત્તાવાળા કે તેમની સાથે પરોક્ષ રીતે જોડાયેલ કોઈ વ્યક્તિ આ બ્લોગ વાંચી રહી હોય તો તેને હું વિનંતી કરું છું કે પાણી વેડફાય નહીં અને વધેલાં પાણીનો બીજાં યોગ્ય વપરાશનાં કાર્યો માટે ઉપયોગ થાય તેવું કરે. એ સંદેશ યોગ્ય વ્યક્તિ કે પક્ષ સુધી પહોંચાડે. બીજું નિરીક્ષણ હતું ભારે બિનજરૂરી વીજળીના વપરાશ સંદર્ભે. મારા ડબ્બામાં લગભગ ૩૦ જેટલી ટ્યૂબલાઈટ્સ હતી. હવે તમે જાતે જ - ડબ્બામાં કુલ કેટલી ટ્યૂબલાઈટ્સ હશે તે ગણી લો (અને આવી તો બીજી અનેક દિવસ દરમિયાન દોડતી ટ્રેનોની ટ્યૂબલાઈટ્સ પણ ગણતરીમાં લેજો !). હું વહેલી સવારે ટ્રેનમાં ચડ્યો ત્યારથી લઈને બપોરે એક વાગ્યે અમદાવાદ ઊતર્યો ત્યાં સુધી છએક કલાકના ગાળામાં આ ટ્યૂબલાઈટ્સ ચાલુ જ હતી. ગાડીમાં કોઈએ પડદો તો બંધ કર્યો જ નહોતો આથી સૂર્યપ્રકાશ પૂરતાં પ્રમાણમાં ડબ્બામાં પ્રવેશી તેને પ્રકાશિત કરી રહ્યો હતો અને એક પણ ટ્યૂબલાઈટની ખરી રીતે તો જરૂર જ નહોતી ત્યારે આખી ગાડીમાંની બધી ટ્યૂબલાઈટ્સ બળતી રાખવામાં કેટલી બિનજરૂરી વીજળીનો વ્યય થતો હતો! હવે જો આખા ડબ્બામાં સળંગ ટ્યૂબલાઈટ્સની કતારની જગ્યાએ બે ટ્યૂબલાઈટ્સ વચ્ચે થોડું અંતર જાળવી કુલ ટ્યૂબલાઈટ્સની સંખ્યા અડધી કરી નાખવામાં આવે, સામાન્ય ટ્યૂબલાઈટ્સની જગ્યાએ ખાસ પ્રકારની ઓછી વીજળી વાપરતી ટ્યૂબલાઈટ્સ વાપરવામાં આવે તેમજ દિવસ દરમિયાન આ ટ્યૂબલાઈટ્સ બંધ જ રાખવામાં આવે તો ઘણાં મોટાં પ્રમાણમાં વીજળી/ઊર્જાની બચત કરી શકાય. મારો આ સંદેશ પણ યોગ્ય વ્યક્તિ કે પક્ષ સુધી પહોંચશે તો આ બ્લોગ સાર્થક થશે.

### કમેન્ટ્સઃ

*હજી સુધી મેં મુંબઈ-અમદાવાદ શતાબ્દીમાં પ્રવાસ કર્યો નથી, પણ મારો ભોપાલ-નવી દિલ્હી તેમજ નવી દિલ્હી-અમૃતસર શતાબ્દીમાં યાત્રાનો અનુભવ આ બ્લોગમાં વર્ણવ્યા સમાન જ આરામ અને સુખદાયી રહ્યો હતો. ભોપાલ-નવી દિલ્હી વચ્ચે દોડતી શતાબ્દી ભારતની સૌથી ઝડપી ટ્રેન છે, જે કલાકે ૧૫૦ કિમીની ઝડપે દોડે છે અને તે પણ યાત્રીઓને અપાતી સુવિધાઓ માટે પ્રખ્યાત છે. ક્યારેક તક મળે તો એમાં પ્રવાસનો અનુભવ પણ માણવા જેવો ખરો!*

**- સરીશ કરોથ (મુંબઈ)**

*હું મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી પ્રથમ શતાબ્દી ટ્રેનમાં યાત્રા કરનાર ભાગ્યશાળી પ્રવાસી હતો! એ સમયે તો શતાબ્દી ફક્ત સુરત અને વડોદરા જ થોભતી હોઈ અમદાવાદ પહોંચવામાં આજે લાગે છે એ કરતાંયે ઓછો સમય લાગતો અને ખૂબ મજા આવતી. પણ હવે રાજકારણીઓની દખલગીરીને લીધે શતાબ્દી પણ ઘણાં બધાં સ્ટેશનોએ ઊભી રહે છે અને જોઈએ એવી મજા આવતી નથી. જોકે એ પ્રથમ યાત્રા દરમિયાન પણ પ્રવાસીઓને અપાનારી સુવિધાઓ ખૂબ સારી હતી. મને હિન્દી ફિલ્મ 'ધ બર્નિંગ ટ્રેન' યાદ આવી ગઈ! હું હવે અમદાવાદ જવા સૂર્યનગરી અથવા ગરીબરથ એક્સપ્રેસ ટ્રેન વધુ પસંદ કરું છું કારણ આ ટ્રેન વચ્ચે બે જ સ્ટેશનોએ થોભે છે અને ઘણા ઓછા સમયમાં અમદાવાદ પહોંચાડે છે. મને રાજધાનીનો પ્રવાસ શતાબ્દી કરતાં વધુ પસંદ છે.*

**- સમીર શુક્લા (મુંબઈ)**

# ધાર્મિક કાર્યકરો માટે કોઈ ખાસ પ્રકારના અમેરિકાના વિઝા છે ?

## ઓહ અમેરિકા ! આહ ઈમિગ્રેશન !!

સુધીર શાહ ઍડવોકેટ, મુંબઈ
ફોન નં. : ૨૨૬૫ ૪૬૫૮/૨૨૬૫ ૪૦૮૩
E-mail:sudhir.shah@airtelbroadband.in

**સવાલ (૧) : મારાં માતા-પિતાને મને અમેરિકામાં મોકલવાની ખૂબ જ હોંશ છે. આથી તેઓ મને અમેરિકામાં એફ-૧ વિઝા ઉપર ભણતા એક વિદ્યાર્થી જોડે પરણાવવાની વેતરણમાં છે. એ વિદ્યાર્થીની ઈચ્છા પણ ભણી રહ્યા બાદ અમેરિકામાં જ ચીટકી રહેવાની છે. એનો ત્યાંનો અભ્યાસ પૂરો થઈ ગયો છે અને એ હવે ત્યાં ઑપ્શનલ પ્રૅક્ટિકલ ટ્રેનિંગ પિરિયડ દરમિયાન રહ્યો છે. એ ત્યાં નોકરીની શોધ કરી રહ્યો છે અને નોકરી ન મળે તો એના કોઈ સગાની મોટેલમાં કે સ્ટોરમાં ખોટેખોટી પણ નોકરી લઈ લેવાનો છે અને ઓ.પી.ટી. પિરિયડ પૂરો થયા બાદ એચ-૧ બી વિઝા મેળવી લેશે. શું મને લગ્ન કરતાં ડિપેન્ડન્ટ વિઝા સહેલાઈથી મળી જશે. એવું તો ન થાયને કે લગ્ન બાદ મારો પતિ અમેરિકામાં મેરિડ બૅચલર બની જાય અને હું કૉન્સ્યુલેટમાં આંટા મારતી થઈ જાઉં.**

**- એક યુવાન છોકરી**

**જવાબ :** તમારી શંકા સાવ અસ્થાને નથી. ડિપેન્ડન્ટ વિઝા માગતાં જ મળી જાય એવું નથી. જે વ્યક્તિના આધારે ડિપેન્ડન્ટ વિઝા માગવામાં આવી રહ્યા હોય એ વ્યક્તિએ એના વિઝા યા સ્ટેટસ ખોટું કરીને મેળવ્યા હોય તો એની જોડેનાં લગ્નસંબંધના આધારે મગાતા ડિપેન્ડન્ટ વિઝા અપાતા નથી. આથી લગ્ન કરતાં પહેલાં એ છોકરા વિશે બધી જ જાણકારી મેળવી લો અને એની જોડે લગ્નના આધારે તમને વિઝા મળી શકશે કે નહીં એની પણ ખાતરી કરી લો.

**સવાલ (૨) : મારા લાભ માટે અમેરિકામાં રહેતી ત્યાંની સિટિઝન બનેલી મારી બહેને ફેમિલી ફોર્થ પ્રેફરન્સ કેટેગરી હેઠળ ગ્રીનકાર્ડનું પિટિશન દાખલ કર્યું છે પણ એના દ્વારા ઈમિગ્રન્ટ વિઝા મળતાં મને હજુ બીજા છ-સાત વર્ષ લાગે એમ છે. એ દરમિયાન જો મારે એચ-૧ બી વિઝાની અરજી કરવી હોય તો મારા માટે દાખલ કરાયેલું ગ્રીનકાર્ડનું પિટિશન મને નડી શકે ખરું ?**

**- મનોજ ઉપાધ્યાય, રાજકોટ**

**જવાબ :** એચ-બી વિઝા નોન-ઈમિગ્રન્ટ શ્રેણીના વિઝા છે પણ એ મેળવવા માટે અરજી કરતા તમારે તમારો નોન-ઈમિગ્રન્ટ ઈરાદો દેખાડી આપવાની જરૂરિયાત રહેતી નથી. તમારા લાભ માટે દાખલ કરવામાં આવેલું ઈમિગ્રન્ટ વિઝાનું પિટિશન તમારા એચ-૧ બી વિઝાની અરજીની વચ્ચે અડચણ ઊભી નહીં કરે.

**સવાલ (૩) : પી-૩ વિઝા ફક્ત અમેરિકામાં નાટક ભજવવા જનાર ગ્રુપ માટે જ છે કે એકલદોકલ કળાકારને પણ એ આપવામાં આવે છે ?**

**- હરીન્દ્ર જાની, મુંબઈ**

**જવાબ :** અમેરિકામાં ખાસ પ્રકારનો સાંસ્કૃતિક કાર્યક્રમ ભજવવા જનારા કળાકારોને પી-૩ વિઝા આપવામાં આવે છે. આ વિઝા એક કળાકાર યા કળાકાર ગ્રુપ આ બેઉ માટે છે. શરત ફક્ત એટલી છે કે જે કોઈ પણ વ્યક્તિ બી-૩ વિઝાની અરજી કરવા ઈચ્છતી હોય એના લાભ માટે કોઈએ અમેરિકામાં પિટિશન દાખલ કરવું જોઈએ. એ મંજૂર થયા બાદ પી-૩ વિઝાની અરજી એકલદોકલ વ્યક્તિ યા ગ્રુપ બેઉ કરી શકે છે.

**સવાલ (૪) : સ્વામિનારાયણ પંથના અનુયાયીઓ અમેરિકા જવા માટેના વિઝા બહુ સહેલાઈથી મેળવી શકે છે. તો શું ધાર્મિક કાર્યકરો માટે કોઈ ખાસ પ્રકારના અમેરિકાના વિઝા છે ?**

**- વિપુલ સુરતવાલા, મુંબઈ**

**જવાબ :** ધર્મગુરુઓ અને ધાર્મિક સંસ્થામાં કાર્ય કરનારી વ્યક્તિ માટે અમેરિકાના ઈમિગ્રેશનના કાયદા હેઠળ નોન-ઈમિગ્રન્ટ કેટેગરીના ખાસ પ્રકારના આર વિઝા ઘડવામાં આવ્યા છે. સ્વામિનારાયણ પંથનાં અનેક મંદિરો અમેરિકામાં બંધાયાં છે. આથી એ મંદિરોમાં પૂજા કરાવવા માટે તેમ જ એનો કારોબાર ચલાવવા માટે એ ધર્મના અનુયાયીઓને યોગ્યતા જણાતાં આર વિઝા આપવામાં આવે છે.

# વૈશ્વિક પરમાણુ સુરક્ષા પરિષદ : અમેરિકાનું આવકારદાયક પગલું

**આપણે પરમાણુ-આતંકના યુગમાં જીવી રહ્યા છીએ. પરમાણુ ઊર્જા, પરમાણુ શસ્ત્રોનાં વિકાસની તરફેણ તથા આતંકવાદનો પ્રચાર-પ્રસાર દિન-પ્રતિદિન વધી રહ્યો છે. પરમાણુ ઊર્જા વિકાસના બહાના હેઠળ પરમાણુશસ્ત્રોનાં વિકાસની પેરવી 'નૉન-ન્યુક્લિયર સ્ટેટસ' દ્વારા પ્રત્યક્ષ-પરોક્ષ રીતે કરાઈ રહી છે. વૈશ્વિક આતંકવાદને જબરદસ્ત હવા પ્રાપ્ત થઈ રહી છે. વૈશ્વિક રાષ્ટ્રો સુરક્ષા કાજે પરમાણુ શરણું શોધી રહ્યા છે. વિશ્વની એકમાત્ર પ્રસ્થાપિત મહાસત્તા અમેરિકાની વિશ્વમાં 'અમર્યાદિત જોહુકમી'નો પ્રતિકાર, પરમાણુશસ્ત્રોનો વિકાસ કે પરમાણુ આતંકવાદથી કરી શકાય તેવી માન્યતા વિશ્વમાં દિવસે-દિવસે પ્રબળ બનતી જણાઈ રહી છે. જે અતિજોખમી બાબત છે. અલ-કાએદા જેવું વૈશ્વિક આતંકવાદી સંગઠન અમેરિકામાં પરમાણુ આતંકવાદી કૃત્ય આચરવા તલપાપડ થઈ રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે અને અમેરિકા થનાર એ સંભવિત 'હુમલા'નાં ડરથી ફફડી રહ્યું હોવાનું પ્રત્યક્ષ થઈ રહ્યું છે. અમેરિકા એવા તમામ 'પ્રયત્નો' કરી રહ્યું છે કે કોઈ 'અઘટિત' અમેરિકામાં ન ઘટે. જોવાની વાત તો એ છે કે જે રાષ્ટ્ર (પાકિસ્તાન)માંથી સંભવિત પગ કરી જનાર પરમાણુશસ્ત્ર કે પરમાણુ પદાર્થ કે બંને જેની સંપૂર્ણ શક્યતા ધરાવે છે તે રાષ્ટ્રના પરમાણુશસ્ત્રનાં વધુ વિકાસ ને શસ્ત્રોની વધુ સંખ્યાને મર્યાદિત કરવાની કોઈ પણ જાતની પહેલ કે પ્રયત્ન અમેરિકા કરી રહેલું જણાતું નથી. એક શક્યતા વધુ પ્રબળ જણાઈ રહી છે કે અમેરિકામાં સંભવિત પરમાણુ આતંકવાદી કૃત્ય આચરાશે તો તે પરમાણુશસ્ત્ર-પરમાણુ પદાર્થનું પગેરું પાકિસ્તાન સુધી જરૂર પહોંચશે તેવું હાલની પરિસ્થિતિ પરથી જણાઈ રહ્યું છે અને અમેરિકાએ પોતાની 'ભૂલ'નું પરિણામ ભોગવવું પડશે.**

## આંતરરાષ્ટ્રીય પ્રવાહો



મીતિન આર. શેઠ
ફોન નં. ૯૩૨૪૫૦૫૫૨૨
ઈ-મેલ : mitinsheth@vsnl.net
mitinsheth@gmail.com

નાઈન-ઈલેવન બાદ અમેરિકાને એક બાબત સ્પષ્ટપણે સમજાઈ ગઈ છે કે તે હવે 'અપરાજિત' રહ્યું નથી. ઓસામા બિન લાદેનનાં વૈશ્વિક આતંકવાદી સંગઠન 'અલ-કાએદા'એ અમેરિકાની અજેય હોવાની 'ભ્રામકતા'ને ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧નાં દિને દૂર કરી વિશ્વ સમક્ષ એક વાત સાબિત કરી કે અમેરિકાને પ્રત્યક્ષ યુદ્ધમાં અપરાજિત કરવું ભલે શક્ય ન હોય, પરંતુ પરોક્ષ રીતે (આતંકવાદનાં ઉપયોગથી) પરાજિત કરવું સાવ અશક્ય તો નથી જ. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 'પરમાણુ બૉમ્બ'ના ઉપયોગથી જે 'સંહારલીલા' સર્જાઈ હતી તે સંહારલીલાને આજદિન સુધી કોઈ ભૂલી શક્યું નથી કે કોઈ ભૂલી શકશે નહીં. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિરોશીમા તથા નાગાસાકી નામનાં જાપાનનાં બે શહેર પર પરમાણુ બૉમ્બનો ઉપયોગ કરી પ્રચંડ સંહાર કરનાર અમેરિકા એ વાતનું પુનરાવર્તન પોતાના પર થશે તે વાતની ફક્ત સંભાવનાથી જ થરથરી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે.

૧૯૫૦થી ૧૯૯૦ના ચાર દાયકા દરમિયાન અમેરિકી નેતૃત્વ હેઠળનાં નાટો રાષ્ટ્રો તથા સોવિયેત રશિયાનાં નેતૃત્વ હેઠળનાં વૉર્સોપેક્ટ રાષ્ટ્રો વચ્ચે ચાલેલા કોલ્ડવૉર (શીતયુદ્ધ) દરમિયાન ઉક્ત બન્ને મહાસત્તાઓ વચ્ચે પરમાણુ યુદ્ધની શક્યતા ઊભી થઈ હતી, પરંતુ તે શક્યતા ફક્ત શક્યતા જ બની રહી હતી, પણ એ શક્યતાને કેન્દ્રમાં રાખી અમેરિકા તથા સોવિયેત સંઘે પરમાણુશસ્ત્રો વિકસાવવાની દોટ શરૂ થઈ હતી અને તે દોટ અંતર્ગત એ બન્ને મહાસત્તાઓએ ૧૫૦૦૦ કરતા વધારે પરમાણુશસ્ત્રો અંગત રીતે વિકસાવ્યાં હતાં. કુલ મળી ૩૦,૦૦૦ કરતા વધારે પરમાણુશસ્ત્રો એ 'કોલ્ડવૉર' દરમિયાન વિકાસ પામ્યાં હતાં જે સમગ્ર પૃથ્વીનો વિનાશ કરવા પૂરતા હતા.

પરમાણુશસ્ત્રોની મહાસંહારકતાને કેન્દ્રમાં રાખીને અમેરિકા તથા સોવિયેત સંઘે એ શસ્ત્રોની સંખ્યામાં કાપ મૂકવા અંગેની સંધિ કરી હતી. એ સંધિ સ્ટ્રેટેજિક આર્મ્સ રિડક્શન ટ્રિટી (START) તરીકે ઓળખાઈ. કોલ્ડવૉર દરમિયાન અમેરિકા તથા સોવિયેત સંઘ વચ્ચે બે સ્ટ્રેટેજિક આર્મ્સ રિડક્શન ટ્રિટી થઈ હતી. એ ટ્રિટી અંતર્ગત બન્ને મહાસત્તાઓની ન્યૂક્લિયર ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલોની સંખ્યામાં ઘટાડો કરાયો હતો. ૧૯૯૧ની સાલમાં સોવિયેત સંઘનાં સંપૂર્ણ વિસર્જન બાદ સોવિયેત સંઘનાં મુખ્ય ભાગ રશિયા હસ્તક ભૂતપૂર્વ સોવિયેત સંઘની ન્યૂક્લિયર અસ્ક્યામતોનો મોટા ભાગનો હક્ક આવ્યો ને આર્થિક રીતે બેહાલ થયેલા રશિયાનાં પરમાણુશસ્ત્રોની ચિંતા વિશ્વને, અરે ખાસ કરીને અમેરિકાને સતાવવા લાગી પરંતુ ૨૦૦૦ની સાલ બાદ રશિયાની સત્તાનો દોર વ્લાદિમીર પુટિનનાં હાથમાં આવતા રશિયાની પરમાણુ અસ્ક્યામતો સુરક્ષિત બની. એ સમયગાળા દરમિયાન તત્કાલીન અમેરિકી પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યુ બુશ તથા રશિયન પ્રમુખ પુટિન વચ્ચે બન્ને રાષ્ટ્રોનાં પરમાણુશસ્ત્રોને લઈ સમયાંતરે ચર્ચા થતી રહી, જે તેની મંજિલે અમેરિકી પ્રમુખ બરાક હુસૈન ઓબામા તથા રશિયન પ્રમુખ દિમિત્રી મિડવેડેવનાં હાલનાં શાસનકાળ દરમિયાન પહોંચી. ગત મહિના (માર્ચ)નાં અંત ભાગમાં પ્રાગ ખાતે બન્ને રાષ્ટ્રોનાં પ્રમુખો એક વર્ષની સતત કોશિશ (નેગોશિયેશન) બાદ મળ્યા અને એક નવી સ્ટ્રેટેજિક આર્મ્સ રિડકશન ટ્રિટી પર હસ્તાક્ષર કર્યા. આ કરાર દ્વારા એક વખતનાં બન્ને પ્રતિસ્પર્ધી રાષ્ટ્રો હવે એકબીજાની વધુ નજીક આવી રહ્યા હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. આજે પરમાણુ પ્રસરણ દિવસે-દિવસે વધી રહ્યું છે, સાથે સાથે પરમાણુ આતંકવાદની શક્યતા પણ ઊભી થઈ છે. વિશ્વમાં ફેલાયેલા ફિસાઈલ પદાર્થ પગ કરી જઈ આતંકવાદમાં ઉપયોગમાં લેવાની શક્યતા જરાયે નકારાતી નથી. તેથી પરમાણુશસ્ત્રના વિકાસ તથા પરમાણુપદાર્થના જથ્થા પર અંકુશ કરવા અમેરિકાએ પહેલ કરી, ગત બારમી એપ્રિલનાં દિને વૉશિંગ્ટન ખાતે ૪૭ રાષ્ટ્રોનાં સદસ્યોની એક પરમાણુ પરિષદ યોજી એક આવકારદાયક પગલું ભર્યું હોવાનું જણાઈ રહ્યું છે. પરમાણુ આતંકવાદના ઓથાર હેઠળ આજે સમગ્ર વિશ્વ છે. ત્યારે ઓબામા વહીવટી તંત્રની વૈશ્વિક પરમાણુ સુરક્ષા પરિષદ એક અગમચેતીનું પગલું જણાઈ રહ્યું છે. **(ક્રમશઃ)**

# મુક્તિ અને પૂર્ણતા



શ્રી માતાજી



શ્રી અરવિંદના જીવનદર્શનને એક જ શબ્દમાં સમાવવું હોય તો એમણે પોતે જ તે શબ્દ ઉચ્ચારેલો છે : ''દિવ્યજીવન, Life Divine.'' બસ, જીવનને એના બીજમાં રહેલી દિવ્યતામાં સાહજિકપણે વિકસવા દો. બાકીનું બીજું બધું ક્યાં તો સાધન છે, ક્યાં પ્રક્રિયા. આ રીતે એમના પૂર્ણયોગને પણ જો માત્ર બે શબ્દોમાં તારવવો હોય તો તે છેઃ "Liberation and Perfection, મુક્તિ અને પૂર્ણતા.'' મૃદુલ માટીનાં બે કોડિયાં જેવા આ સુંદર શબ્દ-સંપુટમાં એના અમૃતરસને ઠારી શકાય.

આપણી આધ્યાત્મિક સંસ્કૃતિએ સનાતન કાળથી ''મોક્ષ''ને જીવનના અગ્રિમ અને અંતિમ લક્ષ્ય તરીકે પ્રસ્થાપિત કર્યો છે અને મોક્ષ શબ્દ એના સંદર્ભોમાં ત્યાં યથાર્થ છે. શ્રી અરવિંદે પણ પોતે રચેલા ઉપનિષદમાં अहंकार मोक्षात् अज्ञान मोक्षः કહીને મોક્ષ શબ્દની મહત્તાને મૂલવી છે, પરંતુ પૂર્ણયોગનું અંતિમ લક્ષ્ય મોક્ષ નથી. એ છે પૂર્ણતા. મોક્ષ, Salvation શબ્દના ઉપયોગમાં ઐહિક, એટલે કે પૃથ્વીલોકના જીવનનો ઈનકાર અને કૈલાસલોક, વૈકુંઠલોક, સ્વર્ગલોક વગેરે પારલૌકિક જીવનના સ્વીકારની માન્યતા એટલી બધી તો વ્યાપક અને દૃઢરૂપે એકાકાર થઈ ગઈ છે કે શ્રી અરવિંદને જે અભિમત છે તેવો ચોખ્ખો અને નીતર્યો અર્થ દર્શાવવામાં મોક્ષ શબ્દ પાંખો પડે છે. કદાચ તેથી જ એમનાં લખાણોમાં ઠેરઠેર અનેક રૂપોમાં અને વિપુલ પ્રમાણમાં 'Liberation' શબ્દનો વિનિયોગ કરેલો જોવા મળે છે. પૂર્ણયોગની પરિભાષામાં મુક્તિ એટલે અહંકારની અજ્ઞાનવશ, વિભક્ત અને નિબદ્ધ પ્રકૃતિને સ્થાને આપણા અંતરાત્માની મુક્ત અને દિવ્ય એવી પરાપ્રકૃતિમાં આપણી ચેતનાનો વિકાસ. આપણી નિમ્ન અને બાહ્યપ્રકૃતિએ ઊભી કરેલ કામચલાઉ વ્યક્તિતા Personalityને સ્થાને આપણી અંદર પ્રભુના અંશની હાજરીરૂપ ચૈત્યપુરુષની True Individualityનો ઉઘાડ અને તેના પ્રકાશમાં સકલ કર્મનો, અખિલ જીવનનો અંગિકાર. આ પેરે મુક્તિ, જીવનથી પ્રતિમુખ નહીં, પણ જીવનમાં અભિમુખ રહી નિખિલ સંસારનો ઉન્મેષ સાધતી ચૈતસિક અવસ્થા છે. ટૂંકમાં કહેવું હોય તો અહંકારની ખંડિત શક્તિનું ૐકારની અખંડ અને અનંત ચેતનામાં રૂપાંતર એટલે મુક્તિ. શ્રી મા કહે છે :

We thirst for perfection, not this human perfection which is the perfection of the ego and bars the way to divine perfection which has the power to manifest upon earth the Eternal Truth.

''આપણે પૂર્ણતા માટે તરસીએ છીએ તે આ માનવીય અહંકારના રૂપની પૂર્ણતા નહીં કે જે દિવ્ય પૂર્ણતાના માર્ગને અવરોધે છે, પરંતુ તે એક પ્રપૂર્ણતા કે જેનામાં ''શાશ્વત સત્યનો'' પૃથ્વી પર આવિષ્કાર સાધવાની શક્તિમતા છે.''

આમ, આપણે શ્રી અરવિંદનાં યોગ અને દર્શનને 'મુક્તિ અને પૂર્ણતા દ્વારા દિવ્યજીવન'' એવા એકસૂત્રથી સંક્ષેપમાં સાંકળી શકીએ.

પરંતુ આ ત્રિદલ પુરુષાર્થને એક નવું ચતુર્થ પરિમાણ fourth dimension પણ એમણે બક્ષેલું છે. મુક્તિ અને પૂર્ણતા તરફનો આપણો વિકાસ કેવળ વ્યક્તિગત નહીં, પરંતુ એકીસાથે સમૂહગત પણ રચાવવો જોઈએ.

ધરતીમાં વવાયેલા બીજની ગતિ-શક્તિ પોતામાંથી પોતાના જેવાં અનેક રૂપો વિકસાવવાની હોય છે. बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् એ ગીતાવાક્ય પ્રમાણે સર્વભૂત માત્રનું બીજ જો પ્રભુ સ્વયં હોય તો પ્રભુ પોતે ભૌતિક પ્રકૃતિના ક્ષેત્રમાં બીજરૂપે વવાયા હોવાથી પોતીકા ગુણ સાદૃશ અનેક ભૌતિક રૂપોમાં તે આવિષ્કાર સાધશે જ તે નિઃસંદેહ છે. ભૂમિમાં વવાયેલા કેરીના એક ગોટલામાંથી આમ્રવૃક્ષ પર હજારો કેરીઓ રંગ, રસ, રૂપ, ગંધ સહિત પૂર્ણ ફળસ્વરૂપે યથા કાળે વિકસે જ છે. તેનાં થડ, ડાળ કે પાનમાં જીવનરસ વહેતો હોવા છતાં જ્યાં સુધી આંબે મૉર બેસતો નથી ત્યાં સુધી કેરી પાકતી નથી. વનસ્પતિ કે પશુ-પંખીમાં જે પાંગરી નથી તે મન-બુદ્ધિની ચેતનામાં રહેલી વિવેકશક્તિ મનુષ્યમાં પાંગરી છે. અહીં મૉરનું આંબે બેસવું એટલે કે મનુષ્યમાં પોતાને અને પોતાની આસપાસના જગતને ઓળખવાની નિજી વિવેકશક્તિનું વિકસવું. આ વિવેકશક્તિ જો અંદર વવાયેલી પ્રભુની બીજશક્તિથી પ્રકાશિત અને ક્રિયમાણ થાય તો આ પ્રકારનો ભાવિ વિકાસ પ્રકૃતિની યોજનામાં મૂળથી જ રહેલો હોવાથી મનુષ્ય પોતાની અત્યારની અર્ધદગ્ધ અવસ્થામાંથી ઉપર ઊઠી ચેતનાની ઉત્ક્રાન્તિમાં સહભાગી થઈ શકે અને એમ સહભાગી બને તો મનથી ઉપરની સક્રિય અતિમનસશક્તિના પ્રકાશનો અપૂર્વ લાભ તેને માટે સરળ અને સાહજિક બની રહે. વ્યક્તિના ઉત્થાનના પાયા પર સામૂહિક ઉત્થાનનું લક્ષ્ય આદિકાળથી પ્રકૃતિએ પોતે પસંદ કરેલું છે અને અપનાવેલું છે અને તે સિદ્ધ થતું આવ્યું છે. એટલે આ સત્ય તો સૂર્ય જેવું પ્રત્યક્ષ અને પૂર્ણ છે અને તે સિદ્ધ થઈને જ રહેશે. ગતિશીલ જગત પરિવર્તનશીલ હોય જ અને પરિવર્તન દ્વારા ક્રમિક વિકાસનું રહસ્ય હવે તો ખાસ્સું ઉદયમાન થઈ ચૂક્યું છે.

ભલેને આ લક્ષ્યને સેવનારા સાચા સાધકોની સંખ્યા જૂજ હોય, ભલેને એક કે અનેક જન્મોના વાઘા પહેર-ઉતાર કરવાના હોય. કાલ: अयं निरवधि विपुला च पृथ्वी: જો આપણાં મન-બુદ્ધિ સાબદાં હશે અને ચેતના જાગ્રત હશે તો વિશ્વપ્રકૃતિની ગતિ સાથે તાલ મેળવતાં વિકાસ સાચો, પાકો અને ત્વરિત બનશે.

પૃથ્વી પરના માનવજીવનને જડ અંધકાર અને ભીષણ અંધાધૂંધી, છૂપો સૂનકાર અને ભય-વિભ્રમની ગ્રંથિમાંથી બહાર લાવવું હોય તો તે મનસાતીત અતિમનસશક્તિના સીધા ઉજાશને ઝીલ્યા વગર શક્ય નથી.

**- અનિરુદ્ધ સ્માર્ત**

# મહાપ્રભુજીના ૫૩૩મા પ્રાગટ્ય ઉત્સવની ઉજવણી

**પ્રવીણ દેસાઈ તરફથી**

મિલપીટાસ-કેલિફોર્નિયા, તા. ૧૭ : સિલિકોન વેલીના 'બે-એરિયા યુવા વૈષ્ણવ પરિવાર-બે-વીપી'ના ઉપક્રમે 'શ્રીમયકૃષ્ણ ધામ'માં પ્રખર ભાગવતાચાર્ય પૂ. યોગેશભાઈ શાસ્ત્રીજીના સાંનિધ્યમાં 'શ્રીકૃષ્ણ લીલા'ના અદ્ભુત દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મહાપ્રભુજી પ્રાગટ્ય, શ્રીકૃષ્ણ જન્મોત્સવ-નંદમહોત્સવ, દશાવતાર, બાળલીલા, બ્રહ્માનંદ દર્શન, ગોવર્ધન લીલા, રાસલીલા, મથુરાલીલા, ભમરગીત, દ્વારકાલીલા, ગીતા ઉપદેશ વગેરે યોજાયાં હતા. જેમાં પુષ્ટિ સંપ્રદાયના આદ્યસ્થાપક જગદ્ગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી-શ્રીમહાપ્રભુજીના ૫૩૩મા પ્રાગટ્ય દિન તથા ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ-નંદ મહોત્સવ ઉજવાયો હતો. પૂ. યોગેશભાઈ શાસ્ત્રીજીએ પૂ. પા. શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય સાથે શ્રીકૃષ્ણ પ્રાગટ્યના મહિમાનું દર્શન કરાવ્યું હતું. અધિક માસ નિમિત્તેની 'શ્રીકૃષ્ણલીલા' અંતર્ગત શ્રીકૃષ્ણ જન્મોત્સવ-નંદમહોત્સવના મુખ્ય મનોરથી યજમાન ડૉ. રવિભાઈ-ઉર્વિબહેન પંખાણિયા હતા. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'...ના ગગનભેદી જયઘોષ વચ્ચે વરઘોડામાં જોડાયેલી બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી.



સિલિકોન વેલીના શ્રીમય કૃષ્ણધામમાં શ્રી મહાપ્રભુજીની શોભાયાત્રા